# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 22-07-2024 સવાર : 7.45 થી 7.55

વાર : સોમવાર

### આકાશવાણી સમાચાર **નીકિતા શાહ** વાંચે છે.

---

- ✓ સંસદના બજેટ સત્રનો આજથી પ્રારંભ, નાણામંત્રી આર્થિક સર્વેક્ષણ રજૂ કરશે
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુનેસ્કો વૈશ્વિક ધરોહર કેન્દ્ર માટે 10 લાખ ડોલરની જાહેરાત કરી
- ✓ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડને રાષ્ટ્રપતિ પદની આગામી ચૂંટણીમાંથી ઉમેદવારી પરત ખેંચી
- ✓ હિંસાગ્રસ્ત બાંગ્લાદેશમાંથી 4 હજાર, 500થી વધુ ભારતીય વિદ્યાર્થીઓ સ્વદેશ પરત ફર્યા
- ✓ ઉત્તર ભારતમાં આજથી શ્રાવણ માસનો પ્રરંભ - હજારોની સંખ્યામાં કાવડયાત્રીઓ હરિદ્વાર, ગૌમુખ, ગંગોત્રી તરફ આગળ વધી રહ્યા છે.
- ✓ અને ગુજરાત, મહારાષ્ટ્ર સહિત દેશના કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# BUDGET SESSION

આજથી સંસદનું બજેટ સત્ર શરૂ થઈ રહ્યું છે. આગામી 12 ઓગસ્ટ સુધી ચાલનારા આ સત્રમાં કુલ 16 બેઠકો થશે. આકાશવાણી દિલ્હીના અમારા સંવાદદાતા જણાવે છે કે આ સત્ર મુખ્યત્વે 2024-25 માટેના કેન્દ્રીય બજેટને લગતા નાણાકીય વ્યવહારોને સમર્પિત રહેશે.

સત્રના પ્રથમ દિવસે એટલે કે આજે આર્થિક સર્વેક્ષણ - 2023-24 રજૂ કરવામાં આવશે. આવતીકાલે નાણામંત્રી લોકસભામાં કેન્દ્રીય બજેટ રજૂ કરશે. એ જ દિવસે કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરનું વર્ષ 2024નું બજેટ પણ રજૂ કરાશે. સરકાર આ સત્ર દરમિયાન છ નવા ખરડા રજૂ કરે તેવી શક્યતા છે. બજેટ સત્ર દરમિયાન બંને ગૃહોનું યોગ્ય રીતે સંચાલન થાય તે માટે સરકારે ગઈકાલે સર્વપક્ષીય બેઠક બોલાવી હતી, જેમાં વિપક્ષને સહકાર માટે અપીલ કરી હતી.

# ECONOMICSURVEY

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે સંસદમાં વર્ષ 2023-24 માટેનો આર્થિક સર્વેક્ષણ રજૂ કરશે. આ દસ્તાવેજ નાણા મંત્રાલયના આર્થિક વિભાગના મુખ્ય આર્થિક સલાહકાર ડૉ. વી. અનંત નાગેશ્વરનની દેખરેખ હેઠળ તૈયાર કરવામાં આવ્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં નાણામંત્રાલયે લખ્યું છે કે લોકસભામાં આર્થિક સર્વેક્ષણ રજૂ થયા બાદ મુખ્ય આર્થિક સલાહકાર આજે બપોરે પત્રકારોને સંબોધન કરશે. આર્થિક સર્વેક્ષણ એ દેશની અર્થવ્યવસ્થાનું રિપોર્ટ કાર્ડ હોવાની સાથે ભવિષ્યના વિકાસનો અંદાજ આપે છે.

ઉપરાંત અર્થતંત્રની સ્થિતિ, શક્યતાઓ તેમજ નીતિ પડકારોનો વિગતવાર હિસાબ રજૂ કરતો દસ્તાવેજ છે. જે અર્થતંત્રના વિવિધ ક્ષેત્રો તેમજ રોજગાર, વિકાસદર, ફુગાવો અને નાણાકીય ખાધ પર આંકડાકીય માહિતી અને વિશ્લેષણ પ્રદાન કરે છે.

ભારતે સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા તરીકેનું સ્થાન જાળવી રાખ્યું છે. આ સર્વેક્ષણમાં એવા સમયે રજૂ થઈ રહ્યો છે જ્યારે IMFએ વર્ષ 2024-25 માટે ભારતના આર્થિક વિકસદર માટેનું અનુમાન 6.8 ટકાથી વધારીને 7 ટકા કર્યું છે. ગત જૂન માસમાં રિઝર્વ બેંકે વિકસદરનું અનુમાન 7 ટકાથી વધારીને 7.2 ટકા કર્યું હતું.

# PM HERITAGE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વ ધરોહર સમિતિના 46માં સત્રનું નવીદિલ્હી ખાતે ઉદ્ઘઘટન કર્યું. ભારત પહેલીવાર આ બેઠકની યજમાની કરી રહ્યું છે, જે 31 જુલાઈ સુધી ચલશે. આ પ્રસંગે પ્રધાનમંત્રી મોદીએ યુનેસ્કો વૈશ્વિક ધરોહર કેન્દ્ર માટે 10 લાખ ડોલરના ભંડોળની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું આ ભંડોળનો ઉપયોગ વૈશ્વિક ધરોહરોની જાળવણીની દિશામાં ક્ષમતા વિકાસ તેમજ તકનિકી સહાય માટે ઉપયોગમાં લેવાશે. તેમણે ભાર પૂર્વક કહ્યું કે ભંડોળનો ઉપયોગ ખાસ કરીને દક્ષિણ એશિયાઈ દેશો માટે થશે. ઉદ્ઘાટન સમારોહમાં સંબોધન કરતા શ્રી મોદીએ જણાવ્યું કે ભારત વૈશ્વિક ધરોહર સ્થળોની જાળવણી માટે વૈશ્વિક અને સામુદાયિક સહકાર માટે પ્રતિબદ્ધ છે. વધુમાં તેમણે ઉમેર્યું કે ભારતની ધરોહર માત્ર ઇતિહાસ નથી પરંતુ વિજ્ઞાન છે.

શ્રીમોદીએ ઉમેર્યું કે પાછલા કેટલાક વર્ષોમાં સરકારે 350થી વધુ ધરોહર સ્થળોનું પુનરોત્થાન કર્યું છે. તેમણે કહ્યું કે આ કાર્યક્રમ એ ધરતી પર થઈ રહ્યો છે, જે વિશ્વની સૌથી પૌરાણિક નાગરિક સભ્યતા છે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે ભારતનો દૃષ્ટિકોણ વિકાસ સાથે વારસો પણ છે. છેલ્લા દસ વર્ષોમાં ભારતે આધુનિક વિકાસના નવા પરિમાણ હાંસલ કર્યા છે, અને પોતાના વારસાની જાળવણી માટે મહત્વના પગલાં લીધા છે. શ્રી મદીએ કહ્યું કે પૂર્વોત્તરના ઐતિહાસિક મોઇદામને યુનેસ્કોની વૈશ્વિક ધરોહર યાદીમાં સામેલ કરવાનો પ્રસ્તાવ છે. જે વૈશ્વિક દરજ્જો મેળવનારું દેશની 43મી વૈશ્વિક ધરોહર તેમજ પૂર્વોત્તર ભારતની પ્રથમ ધરોહર બનશે. દિલ્હીમાં આયોજીત વૈશ્વિક ધરોહર સમિતિની આ બેઠકમાં 150 દેશોનાબે હજારથી વધુ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા છે.

# JO BIDEN

અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડન આગામી નવેમ્બરમાં યોજાનારી ચૂંટણીમાં પ્રમુખપદની રેસમાંથી ખસી ગયા છે. આ જાહેરાત ગઈકાલે રાત્રે બાઈડન તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોસ્ટ કરેલા પત્રમાં કરી હતી. બાઈડન પત્રમાં જણાવ્યું હતું કે  રાષ્ટ્રપતિ તરીકે સેવા આપવી એ તેમના જીવનનું સૌથી મોટું સન્માન છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ડેમોક્રેટિક પાર્ટી અને રાષ્ટ્રના શ્રેષ્ઠ હિતમાં, તેમના બાકીના કાર્યકાળ માટે રાષ્ટ્રપતિ તરીકેની તેમની ફરજો નિભાવવી સર્વોપરી છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે તેઓ આ અઠવાડિયાના અંતમાં તેમના નિર્ણય વિશે વધુ વિગતવાર વાત કરશે. રાષ્ટ્રપતિ બાઈડને, ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે સમર્થન આપ્યું છે. ગત જૂન 28 ના રોજ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને રિપબ્લિકન ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની ચર્ચા બાદથી જ રાષ્ટ્રપતિ બાઈડન પર રાષ્ટ્રપતિની ચૂંટણીની રેસમાંથી ખસી જવા માટે તેમના ઉપર  દબાણ વધી રહ્યું હતું. કોવિડ -19 નું નિદાન થયા પછી તે હાલમાં ડેલવેરમાં તેમના ઘરે આરામ કરી રહ્યાં છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABADને ફોલોૉ કરી શકો છો...

# INDIAN STUDENT BANGLADESH

રાષ્ટ્ર વ્યાપી હિંસા વચ્ચે બાંગ્લાદેશથી અત્યાર સુધીમાં ચાર હજાર પાંચસોથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ પરત ફર્યા છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે ઢાકામાં ભારતીય હાઈ કમિશન ભારતીય નાગરિકોને સરહદર પાર કરાવવા તેમજ તેમની સુરક્ષિત મુસાફરી માટે સુરક્ષાની વ્યવસ્થા કરી રહ્યું છે.

મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે હિંસાગ્રસ્ત બાંગ્લાદેશથી ભારત આવેલા વિદ્યાર્થીઓમાં નેપાળના 500 , ભૂટાનના 38 જ્યારે માલદિવનો એક વિદ્યાર્થી પણ સામેલ છે. મંત્રાલયે ઉમેર્યું છે કે ભારતીય નાગરિકોની સલામતી અને સુરક્ષા માટે ઉચ્ચ આયોગ અને મદદનીશ ઉચ્ચ આયોગ સ્થાનિક અધિકારીઓ સાથે નિયમિત સંપર્કમાં છે. તેઓ બાંગ્લાદેશની વિવિધ યુનિવર્સિટીઓમાં બાકી રહેલા વિદ્યાર્થીઓ  તેમજ અન્ય નાગરિકોના સંપર્કમાં છે.

# KAWAR YATRA

ઉત્તર ભારતમાં આજથી શ્રાવણ માસનો પ્રરંભ થયો છે. હજારોની સંખ્યામાં કાવડયાત્રીઓ ગંગામાંથી જળ લેવા હરિદ્વાર, ગૌમુખ, ગંગોત્રી તરફ આગળ વધી રહ્યા છે. ઉત્તરાખં ડઅને ઉત્તર પ્રદેશ સરકારે આ યાત્રાને પગલે મોટા પાયે બંદોબસ્ત કર્યો છે. આ તરફ કાવડિયાઓની અવર-જવરને જોતા દિલ્હી પોલીસે પણ દિલ્હી એનસીઆરમાં ટ્રાફિકને લઈને નવી માર્ગદર્શિકા જાહેર કરી છે. આ તરફ ઝંરખંડમાં બાબા બૈદ્યનાથ મંદિરના દર્શનાર્થે હજારો શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા છે. બાબા બૈદ્યનાથ મંદિર 12 જ્યોર્તિલિંગોમાંનું એક છે.

અહીં જળાભિષેક કરવા માટે વહેલી સવારથી ભક્તોની ભીડ ઉમટી રહી છે. પ્રથા આનુસાર બિહારના સુલતાનગંજ ખાતે ગંગા નદીમાંથી કાવડિયા જળ લઈને, અંદાજે 105 કિલોમીટરની યાત્રા કરીને બાબાધામ પહોંચે છે. પહેલીવાર છે જ્યારે ઝારખંડ સરકાર શ્રાવણ માસમાં શ્રદ્ધાળુઓના ધસારાને જોતા આર્ટિફિશિયલ ઇન્ટેલિજેન્સ આધારતિ ટેક્નૉલોજીનો ઉપયોગ કરી રહી છે. જે દ્વારા કાવડિયાઓનું રિઅલ ટાઇમ ટ્રેકિંગ કરાઈ રહ્યું છે.

# IMD WEATHER

હવામાન વિભાગએ આવતીકાલ સુધી ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશ, પશ્ચિમ મધ્ય પ્રદેશ અને ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરી છે. છત્તીસગઢ, પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને વિદર્ભમાં આજે અને આવતીકાલે પૂર્વ મધ્યપ્રદેશ, પૂર્વ રાજસ્થાન અને હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, પશ્ચિમ રાજસ્થાન, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ભારે વરસાદની સ્થિતિ પ્રવર્તશે.

હવામાન વિભાગે આગામી ૩ દિવસ દરમિયાન ઝારખંડ, ઓડિશા, પૂર્વ રાજસ્થાન, આસામ, મેઘાલય અને કર્ણાટકમાં વરસાદની સ્થિતિ સામાન્ય રહેશે. આગામી ચાર દિવસ દરમિયાન પૂર્વ રાજસ્થાન, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી અને ઉત્તર પ્રદેશના ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે..

# ECNOUNTER

જમ્મુ કાશ્મીરમાં આતંકવાદી હુમલાના પ્રયાસને સૈન્ય દ્વારા નિષ્ફળ બનાવાયો છે. રાજૌરી સેક્ટરમાં આર્મી કેમ્પ પર મોટો હુમલો કરવાનો આતંકવાદીઓએ પ્રયાસ કર્યો હતો પરંતુ સૈન્યની સતર્કતાને કારણે આ હુમલો નિષ્ફ બનાવાયો હતો.. સલામતી દળોએ આ વિસ્તારને ચારેતરફથી ઘેરી લીધો છે તેમજ સેન્યના જવાનો આતંકવાદીઓને જડબાતોડ જવાબ આપી રહ્યાં છે. આતંકવાદીઓ અને સલામતી દળો વ્ચેચ હાલમા ગોળીબાર થઇ રહ્યો છે..

# CENTRE- RSS

કેન્દ્ર સરકારે સરકારી કર્મચારીઓના રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ – RSS ની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પરનો પ્રતિબંધ હટાવી લીધો છે. 1966માં પ્રધાનમંત્રી ઇન્દિરા ગાંધી દ્વારા આ પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. જે અનુસાર સરકારી કર્મચારીઓ નોકરી સમયગાળા દરમિયાન RSSની પ્રવૃત્તિઓમાં જોડાય તેના પર મનાઈ હતી.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં ભાજપના આઇટી સેલના વડા અમિત માલવિયાએ લખ્યું કે 58 વર્ષ પહેલાં, 1966 માં જાહેર કરાયેલ ગેરબંધારણીય આદેશને મોદી સરકારે પાછો ખેંચી લીધો છે. ઉલ્લેખનીય છે કે હરિયાણા, હિમાચલ પ્રદેશ, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ સહિત અનેક રાજ્ય સરકારો એ અગાઉ જ સરકારી કર્મચારીઓના RSS સાથે જોડવા પરના પ્રતિબંધો હટાવી લીધા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .